જનસંપર્ક અધિકારી,

પોલીસ કમિશનરશ્રીની કચેરી,અમદાવાદ શહેર

પી.આર.ઓ. : ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૦૩/૧૧/૨૦૨૫ સોમવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ– **સમાચાર યાદી નં.૧૫૪૮/૨૦૨૫**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૨૮ કેસ કરી, ૨૬ વ્યક્તિઓને ઝડપી, ૧૨૨ લીટર દેશી દારૂ, ૧૨ બોટલ ઈંગ્લીશ દારૂ, ૧૬ ક્વાર્ટર ઈંગ્લીશ દારૂ અને ૦૧ સ્કુટર કબજે કર્યુ હતુ. તેમજ જુગાર ધારા હેઠળ ૦૪ કેસ કરી ૧૧ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૩૭,૧૦૦/– અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ– **સમાચાર યાદી નં.૧૫૪૯/૨૦૨૫**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ બી.એન.એસ.એસ.૧૨૬,૧૨૮,૧૨૯,૧૭૦ મુજબ ૪૧ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

ચોરીઃ– **સમાચાર યાદી નં.૧૫૫૦/૨૦૨૫**

ચાંદખેડાઃ રાહુલભાઈ સ/ઓ વિજયભાઈ જાદવ (ઉ.વ.૩૫) (રહે. પરીવાર હોમ્સ, વોડાફોન ટાવરની બાજુમાં, દેવનગરા ગામ સામે ગોતા) એ તા.૦૨/૧૧/૨૦૨૫ ના રોજ ચાંદખેડા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૫/૧૦/૨૦૨૫ રાતના ૮/૪૫ થી કલાક ૧૧/૨૦ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન ચાંદખેડા જગતપુર ગાલા હેવનના ગેટ પાસે પાર્ક કરેલ પોતાની કારના દરવાજાનો કાચ તોડી અજાણી વ્યક્તિ કારમાંથી પર્સ ચોરી કરી લઈ ગઈ હતી. જે પર્સમાં સોના–ચાંદીના દાગીના, મોબાઈલ ફોન તથા આઈ ફોનનું ચાર્જર તેમજ રોકડ રૂપિયા ૫૦૦૦/– અને જરૂરી દસ્તાવેજ મળી કુલ રૂપિયા ૧,૦૧,૪૧૯/– મતા હતી. આ ગુનાની તપાસ મ.સ.ઇ.શ્રી ચંદ્રસિંહ જશવંતસિંહ ચલાવે છે.

અપમૃત્યુઃ– **સમાચાર યાદી નં.૧૫૫૧/૨૦૨૫**

શાહીબાગઃ રામગરીબ લલ્લુ શર્મા (ઉ.વ.૪૫) (રહે. ગોપાલજીની ચાલી ડફનાળા રોડ નવરોજી હોલ પાસે શાહીબાગ) નાઓ પ્લમ્બીંગનુ કામ કરતા હોય તા.૦૨/૧૧/૨૦૨૫ બપોરના ૦૩/૩૦ વાગ્યાના સુમારે ઘેવર કોમ્પલેક્ષ પાછળ માનસરોવર બિલ્ડીંગમાં, બિલ્ડીંગની બહારની પાઇપ રીપેરીંગ માટે ઝુલો રાખી પાઇપ રીપેરીંગનુ કામ કરતા હતા ત્યારે ઝુલા પરથી નીચે પડી જતા ગંભીર ઈજાઓ થતા સારવાર માટે તેમને સિવિલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જ્યાં સારવાર દરમ્યાન ૦૫/૦૦ વાગે તેમનું મૃત્યું નિપજયું હતું. આ અંગે શાહીબાગ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી જયેશકુમાર ભીખુભાઇ ચલાવે છે.

આત્મહત્યાઃ– **સમાચાર યાદી નં.૧૫૫૨/૨૦૨૫**

કાગડાપીઠઃ લક્ષ્મીબહેન ખુશાલભાઇ પરમાર (ઉ.વ.૪૦) (રહે. પઠાણની ચાલી ગીતા મંદીર પાછળ) એ અગમ્ય કારણસર પંદર દિવસ પહેલા પોતાના ઘરે ઝેરી પ્રવાહી પી લીધું હતું. સારવાર માટે તેમને સિવિલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જ્યાં સારવાર દરમ્યાન તા.૦૨/૧૧/૨૦૨૫ બપોરના ૦૧/૧૦ વાગે તેમનું મૃત્યું નિપજયું હતું. આ અંગે કાગડાપીઠ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી એ.એ.પટેલીયા ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
પી.આર.ઓ. યુનિટ
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી